# *પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ*

## ***લાઈન કામની  સામાન્ય શરતો અને નિયમો***

1. જે કોન્ટ્રાક્ટર પાસે **PAN NO** હશે તેને જ આ કામ ના ટેન્ડર આપવામાં આવશે.
2. કોન્ટ્રાક્ટર પાસે ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર લાયસન્સ હોવું ફરજીયાત છે.
3. જે કોન્ટ્રાક્ટર પાસે લાઈન કામ ના અનુભવ નુ સર્ટીફીકેટ હશે તેને જ આ કામ ના ટેન્ડર આપવામાં આવશે.
4. લાઈન કામ ના થાંભલા ઉભા કરવાના કામ માટે મોરમ પુરેપુરી નાખવાની રહેશે. અથવા લેખિત સુચના આપવામાં આવે ત્યારે  સીમેન્ટ કોંક્રીટીગ/મફીગ કરવાનું રહેશે. અને તે માટે રેતી કપચી પાણી કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે લાવવાના રહેશે.
5. સ્ટીલ ફેબ્રિકેશન પર એક હાથ રેડ લેડનો તથા બે હાથ અલ્યુમિનીયમ(સિલ્વર) પેઈન્ટ લગાડવાના રહેશે. એ માટે બ્રશ તથા રંગ કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે લાવવાના રહેશે. જે કલર શેડ ઇન્ચાર્જ એન્જીનીયર પાસે એપ્રુવ કરવાનો રહેશે.
6. લાઈન કામ માટે જરૂરી મટેરિયલ જેવા કે શેકલ પીન તથા વાયર વગેરે કંપની તરફ થી આપવામાં આવશે અને થાંભલા પર ફીટ કરી લાઈન ખેચી જંપર આપી સંપુર્ણ કામ કોન્ટ્રાક્ટરે કરવાનું રહેશે.
7. લાઈન કામ માટે જરૂરી સેફ્ટી  ટુલ્સ જેવા કે બેલ્ટ હેલ્મેટ ગ્લોઝ ગમશુઝ કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે લાવી વાપરવાના રહેશે.
8. લાઈન કામ કરતા જો કંપની ના માલ ની નુકસાની થાય  અથવા ચોરાઈ જાય અથવા  કંપની ની મિલકત ને નુકસાની થાય  અથવા લાઈન કામ દરમયાન કોન્ટ્રાક્ટર ના માણસો ને અકસ્માતે ઈજા કે નુકસાન થશે તો આવા સંજોગોમાં ઉપસ્થિત થતી નુકસાની સહીત ની સઘળી જવાબદારી કોન્ટ્રાક્ટર ની રહેશે.
9. લાઈન કામ માટે પશ્ચિમ ગુજરાત વીજકંપની ના વર્ક એન્ડ કોન્ટ્રાક્ટ ની છાપેલી બુક ના નિયમો અને શરતો કોન્ટ્રાક્ટર ને બંધનકર્તા રહેશે.
10. લાઈન કામ નિયત સમય મર્યાદા મા પુરું કરવાનું રહેશે અને કોઈ પણ સંજોગોમાં સ્થાનિક એન્જીનીયર ને યોગ્ય નહી લાગે તો  કામ ની સમયમર્યાદા વધારી આપવામાં આવશે નહી.
11. લાઈન કામ ના ઓર્ડર ઓડીટ થયે L-1 પાર્ટીએ  સિક્યુરીટી ડીપોઝીટ ની રકમ દિવસ ૭ મા ભરવાની રહેશે અન્યથા  સિક્યુરીટી ડીપોઝીટ ન ભરનાર ના  વર્ક ઓર્ડર  ની આગળ ની કાર્યવાહી કરવામાં આવશે નહી અને ૩૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર એગ્રીમેન્ટ  તથા ઇન્ડેમનીટી બોન્ડ કરી આપવાનું રહેશે. જેનો ખર્ચ કોન્ટ્રાક્ટરે ભોગવવાનો રહેશે અને તથા એગ્રીમેન્ટ  તથા ઇન્ડેમનીટી બોન્ડ  કર્યા બાદ તુરત જ કામ શરૂ કરી નિયત સમય મર્યાદા મા પુરું કરવાનું રહેશે.
12. લાઈન કામ માટે તમામ માલસમાન કોન્ટ્રાક્ટરે સંલગ્ન વિભાગીય કચેરી ના સ્ટોર માંથી પોતાના ખર્ચે લઈ જવાનો રહેશે અને કામ પુરું થતા વધારા નો માલસમાન કોન્ટ્રાક્ટરે  સંલગ્ન વિભાગીય કચેરી ના સ્ટોર મા  રૂબરૂ જમા કરાવવાનો રહેશે. કંપની તરફ થી આપવામા આવેલ માલસમાન ની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટર ની રહેશે.
13. કાચો માલ (RAW MATERIAL) વજન (MT/KG) દ્વારા જારી કરવામાં આવશે અને તૈયાર માલ પણ માત્ર વજન દ્વારા જ સ્વીકારવામાં આવશે. કાચો માલ (સ્ટોર દ્વારા જારી કરાયેલ સામગ્રી) અને પ્રાપ્ત સામગ્રી (તૈયાર માલ અને ભંગાર) વચ્ચેના વજનનો તફાવત (CUTTING LOSS) જારી કરાયેલ કાચા માલના વજનના મહત્તમ ૦.૫% સુધીનો રહેશે. (ભંગારનુ વજન જારી કરાયેલા કાચા માલના કુલ વજનના મહત્તમ ૧ % સુધી માર્યાદિત છે.) વજન માપન PGVCL અધિકૃત પ્રતિનીધીની હાજરીમાં કરવામાં આવશે. વજન કરાવવાનો ચાર્જ કોન્ટ્રાકટર દ્વારા ચૂકવવાનો રહેશે.
14. કોન્ટ્રાકટરને સબ વર્ક ઓર્ડર આપ્યા તારીખથી દિવસ ૬૦ મા તૈયાર સામગ્રી જમા કરાવવાની રહેશે આ સમયગાળામાં સામગ્રી જમા કરાવવામાં વિલંબ થશે તો પેનલ્ટી કાપવામાં આવશે.
15. લાઈન કામ મા ખડકાળ ટેકરાળ  કે સખત જમીન મા ખાડા નો એક્સ્ટ્રા ચાર્જ કંપની ના નિયમ  મુજબ અલગ આપવામાં આવશે.
16. લાઈન  ખેચવાના થાંભલા ઉભા કરવા નડતરરૂપ થતી વાડ અથવા ઝાડ ની ડાળી કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે કાપવાની રહેશે.
17. ગાર્ડીગ કામ માટે ઇન્ચાર્જ એન્જીનીયર ની સુચના પ્રમાણે કામ કરવાનું રહેશે.
18. લાઈન કામ ચાલુ હોય ત્યારે ત્યાંથી ટેપિંગ લાઈન નુ લાઈન કલીયરન્સ લઈને કંપની ના સુપરવાઈઝર ની હાજરી મા જ કામ ચાલુ કરવાનું રહેશે.
19. અર્થિંગ માટે કોલસા તથા મીઠું કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે લાવવાના રહેશે. એક ખાડા મા ઓછા મા ઓછુ ૨૦ કિલો કોલસા અને ૨૦ કિલો મીઠું પોતાના ખર્ચે  નાખવાનું રહેશે. જે  કંપની ના સુપરવાઈઝર ની હાજરી મા કામ કરવાનું રહેશે
20. શેડ્યુલ’-બ’  મા દર્શાવેલ સંખ્યા આશરે છે. નાયબ ઈજનેર ની સુચના મુજબ જરૂરિયાત પ્રમાણે તેમાં વધ-ઘટ થાય  તે મુજબ કામ કરવાનું રહેશે
21. ભાવપત્રક ની સાથે પી.એફ. કોડ નુ નંબર  તથા ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર સર્ટીફીકેટ આપવાનું રહેશે.
22. લાઈન કામ મા જરૂર પડ્યે  નટ તથા બોલ્ટ કોન્ટ્રાક્ટર દ્વારા લાવવાના રહેશે. જેની ચુકવણી કંપની ના નિયત ભાવ મુજબ કરવામાં આવશે
23. અન્ડરગ્રાઉન્ડ  કેબલ કામ અને  ગ્રાહક ના  પ્રીમાંઈસીસ મા અર્થ ટર્મિનલ ની  કામગીરી કરતા કોન્ટ્રાક્ટરે કામ પુરું કર્યા ની સાબિતી રૂપે અર્થિંગ  માટે  નો ખાડો મીઠું કોલસો GI વાયર ની કોઈલપી.વી.સી. રીજીડ પાઈપ ગ્રાહક નંબર વગેરે જોઈશકાય તે રીત ના ફોટોગ્રાફ્સવાળી CD/DVD કોન્ટ્રાક્ટરે પોતાના  ખર્ચે તેયાર કરીને જે તે પેટા વિભાગીય  કચેરી ને ફાઈનલ બીલ ની સાથે આપવાની રહેશે. સદર કામગીરી માટે કોન્ટ્રાક્ટરે 2 MP(1600*1200 PIXEl) થી  વધુ  કેપેસીટી  વાળો  અને જરૂરી  CONTENT અને VISIBILITY વાળો  કેમેરો પોતાના ખર્ચે લેવાનો રહેશે. પેટા વિભાગીય કચેરી એ અર્થ ટર્મિનલ ની કામગીરી નો સંપૂણ રેકોર્ડ તથા 11 DIGIT ના ગ્રાહક નંબર વળી ફાઈલ કે જે મા  ફોટોગ્રાફી

ની સોફ્ટ કોપી હોય તે પ્રકારનો રેકોર્ડ મેઈન્ટેન કરવનો રહેશે.

24. GST કંપની ના નિયમ મુજબ આપવાનું રહેશે.
25. કોન્ટ્રાક્ટરે તેના લાઈન કામગીરી કરતાં તમામ માણસ પાસે સલામતી નાં સાધનો સલામતિ નાં નિયમોનું ચુસ્ત પાલન કરાવવું. જેવાકે સેફ્ટી બેલ્ટ હેલ્મેટ ગ્લોઝ ગમશુઝ જેવા અન્ય સાધનો નો ફરિજયાત ઉપયોગ કરાવવો જેમાં ચૂક થયે કોન્ટ્રાક્ટર નો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવેશે
26. કોન્ટ્રાક્ટર નાં કોઈ માણસ લાઈન કામગીરી દરમ્યાન સેફ્ટી નાં સાધનો નો ઉપયોગ કર્યા વિના જણાશે તો રૂ.૫૦૦/- દંડ કરવામાં આવશે.
27. કોન્ટ્રાક્ટરે આ ઓર્ડર નું કામ નીચે સહી કરનારની મંજૂરીથી પીજીવીસીએલ ના કાર્યક્ષેત્ર હેઠળ ની કોઇપણ પેટા વિભાગીય કચેરીમાં કરી આપવાનું રહેશે.

28. ''If any agency is accused in criminal case or is having pending civil suite, against him/her firm by PGVCL or against PGVCL filed by him/her firm, is not eligible to take part in this tender/limited inquiry.''

29. The Time limit for completion of work in all respects will be 365 days from the date of issue of first lot of material/date of Alignment, date of commencement notice and the work will have to be completed within Time limit.

30. કોન્ટ્રાક્ટરે પોલ કાર્ટિંગ એજન્સી દ્વારા ઉતારેલા પોલ ગ્રાહક ની પ્રિમાઈસીસ સુધી પોતાના સ્વખર્ચે લઈ જવાના રહેશે. જેનું બીલ આકરવાનું રહેશે નહી.
31. નિયમો અનુસાર પી.એફ ,એન.ઓ.સી બીલ સાથે રજુ કરવાનુ રહશે.
32. કોન્ટ્રાક્ટરે નવા પોલ ઉભા કરવાના કામ મા PED મશીન દ્વારા એટલે કે ટ્રેકટર દ્વારા પીટ ખોદી નવો પોલ ઉભો કરવાનો રહેશે.
33. જો કોઈ બિડરનુ મટીરીયલ એકાઉન્ટ છ મહિના થી વધુ સમય બાકી હોઈ તો તે બીડરને નવા વર્ક ઓર્ડર માટેની આગળ ની પ્રક્રિયા માટે ધ્યાનમા લેવામાં આવશે નહી. (૨૫૯૬/૨૦૨૧-૨૨)
34. કોઇપણ વર્ક ઓર્ડર ની એક વર્ષની મુદ્દત પૂરી થયા બાદ અથવા પહેલા TLE મંગાવવામાં આવશે તે પેનલ્ટી સાથે મંજુર કરવામાં આવશે.
35. જો કામ પૂર્ણ થયા પછીના એક વર્ષ દરમિયાન કોઈ જાળવણી જરૂરી લાગે દા.ત. ક્રોસ આર્મ, કંડકટર સ્ટિંગીંગ, ગાય ટાઈટ કરવી, પોલ સીધા કરવા વગેરે જેવા કામ બીડર ધ્વારા વિના મુલ્યે કરવાના રહેશે. (સર્ક્યુલર નંબર ૬૧૫૫ તા. ૨૩/૦૮/૨૦૨૨)
36. એક વર્ષ ના સમયગાળા દરમિયાન જાળવણી માટે કોઈ નવી સામગ્રી ની આવશ્યકતા હોઈ તો આવી જરૂરિયાત સંબંધિત વિભાગના કાર્યપાલક ઈજનેર ધ્વારા મંજુર કરવાની રહેશે. આવી સામગ્રીનો ત્રિમાસિક અહેવાલ ડીવીઝન કચેરી ધ્વારા વર્તુળ કચેરી સાથે શેર કરવાનો રહેશે. (સર્ક્યુલર નંબર ૬૧૫૫ તા. ૨૩/૦૮/૨૦૨૨)
37. બિડરે પેટા ઓર્ડરમા આપેલ સમયમર્યાદા મુજબ કામ પૂર્ણ કરવાનું રહેશે. સબ વર્ક ઓર્ડર ૧૨૦ દિવસથી વધુ વિલંબિત થાય છે તો આ સમયગાળા મા બિડરો કામની સ્પર્ધામાં નિષ્ફળ થાય તો તમામ આપેલ કામ પૂર્ણ ન થાય ત્યાંસુધી આગળ ઓર્ડર આપી શકતો નથી. (સર્ક્યુલર નંબર ૫૪૮૧ તા. ૨૫/૦૭/૨૦૨૨)
38. સર્ક્યુલર નંબર-૧૭૯૦ તા.૦૧/૦૭/૨૦૨૨ અને ૧૬૦૬ તા.૦૭/10/2023 મુજબ N-PROCURE વેબ સાઈટ દ્વારા ભાગ લીધેલ બિડરે તમામ ડોક્યુમેન્ટની કોપી ઓનલાઈન જ મોકલવાની રહેશે, ખૂટતા ડોક્યુમેન્ટ તેમજ સુધારા કરેલ ફાઈલ કે જે ઓપન ન થઇ શકે તેવા બીડરોના ડોક્યુમેન્ટની નકલ રૂબરૂ કે અન્ય કોઈ માધ્યમથી સ્વીકારવામાં આવશે નહિ અને તેવા બીડરોને ટેન્ડર પ્રક્રિયામાં ધ્યાને લેવામાં આવશે નહિ.
39. જે પેટા વિભાગીય કચેરી માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે તે જ પેટા વિભાગીય કચેરીમાં કામ કરવાનું રહેશે. અને જે કામ માટે વર્ક ઓર્ડર અપ્પ્વામ અઆવેલ છે તે જ કામ, જેટલી રકમ માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે તેટલી જ રકમનું કામ, તેની નિયત સમયમર્યાદામાં કરવાનું રહેશે. અને આ બાબતે કોઈ ફેરફાર (વર્ક ઓર્ડર ટ્રાન્સફર, સમયમર્યાદા વધારો(TLE) અને એક્સેસ વર્ક) જણાય તો નીચે સહી કરનારની પૂર્વ મંજુરી લેવી જરૂરી છે.
40. વર્ક ઓર્ડર દીઠ ૧ લેબર ટીમ કાયમી ધોરણે આપવાની રહેશે.

**કાર્યપાલક ઈજનેર**
**પી. જી. વી. સી.એલ ગ્રામ્ય વિભાગીય કચેરી**
**ભાવનગર.**

<u>ટેન્ડર સાથે કોન્ટ્રકટરે સામેલ કરવાના પેપર</u>

| | | |
|---|---|---|
| ૧. વેન્ડર રજીસ્ટ્રેશન ની કોપી | ૨. PAN નંબરની કોપી | 3. P.F. નંબરની કોપી |
| ૪. GST નંબરની કોપી | ૫. ઇલેક્ટ્રિક કોન્ટ્રકર ની લાઇસન્સની કોપી | ૬. અનુભવનું સર્ટીફીકેટ |
| ૭. સોલવન્સી સર્ટીફીકેટ | ૮. વર્કમેન કંપનસેશન પોલીસી | ૯. બાહેધરી પત્રક |
| ૧૦. ટેન્ડર કોપી + ગુજરાતી શરતો | ૧૧. CERTIFICATE-A ON LETTERHEAD | |

(ઓનલાઈન ચડાવતી વખતે તમામ ડોક્યુમેન્ટ સ્વ-પ્રમાણિત કરીને જ ચડાવવા.)